ગણપતિની પરમિશન મુદ્દે થયેલી બબાલમાં MSUના બે વિદ્યાર્થી જૂથ એકબીજા પર તૂટી પડ્યા હતા

પૂર્વ મેયરના પુત્ર સહિત બે ઘાયલ

સામસામે ફરિયાદ નોંધાવતા ૪ સામે ગુનો દાખલ,૩ની અટકાયત

સયાજીગંજ પોલીસ સ્ટેશનનો એબીવીપીના કાર્યકરોએ ઘેરાવો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ગણપતિ બાપ્પાના આગમન પહેલાં જ એમ.એસ. યુનિવર્સિટીમાં પરમિશનના મુદ્દે વિવાદનો વરઘોડો નીકળ્યો હતો. કમાટીબાગ ગેટ પાસે બે વિદ્યાર્થી જૂથ સામસામે આવી જતાં બોલાચાલી બાદ ગાળો-ગાળી, ઝપાઝપી અને મારામારી થઈ હતી. મામલો એટલો ઉગ્ર બન્યો કે કડાથી માથામાં હુમલો થતાં બે વિદ્યાર્થીઓ લોહીલુહાણ થયા હતા. બંને પક્ષની ફરિયાદના આધારે પોલીસે ૪ સામે ગુનો નોંધી ૩ની અટકાયત કરી છે. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં ગણપતિ આગમનના કાર્યક્રમને લઈને બે વિદ્યાર્થી જૂથ વચ્ચે થયેલી બબાલે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. 11 સપ્ટેમ્બરની સાંજે કમાટીબાગ ગેટ નં.3 પાસે ગર્લ્સ હોસ્ટેલ બહાર ગણપતિની મૂર્તિના આગમન અને આરતી માટે વિદ્યાર્થીઓ ભેગા થયા હતા. આ દરમિયાન 'હગણપતિ આગમન માટે પરમિશન કોની લીધી?' તે મુદ્દે બીજા જૂથના વિદ્યાર્થીઓ સાથે બોલાચાલી શરૂ થઈ હતી. અભિજીતસિંહ હાડા, મિતરાજસિંહ જાડેજા, શ્યામ પંડ્યા સહિતના વિદ્યાર્થીઓએ ગાળો બોલી ઝઘડો કર્યો હતો. કારેલીબાગમાં રહેતા બીકોમના વિદ્યાર્થી આશિષ સોલંકીએ પણ આક્ષેપ કર્યો છે કે અભિજીતસિંહ હાડાએ હાથમાં પહેરેલા કડાથી તેના માથામાં હુમલો કર્યો હતો. જ્યારે તેના મિત્ર નીલ ખોખરને પણ મહાવીરસિંહે કડાથી માથામાં માર માર્યો હોવાનો આક્ષેપ કરાયો છે. શ્યામ પંડ્યા સહિતના વિદ્યાર્થીઓએ ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો.માથામાંથી લોહી નીકળતાં બંનેને 108 મારફતે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, પોલીટેકનિક કેમ્પસમાં રહેતા બી.એ. એલએલ.બી.ના વિદ્યાર્થી દિવ્યજીત વિશ્વજીતકુમારે પણ સામા પક્ષ સામે ફરિયાદ નોંધાવી છે. તેની ફરિયાદ મુજબ, વૈદ ત્રિવેદી, આશિષ સોલંકી, અક્ષય રબારી સહિતના વિદ્યાર્થીઓએ પરમિશન કોની લીધી તેમ કહી બોલાચાલી કરી હતી. ત્યારબાદ ગાળો બોલી ઝપાઝપી અને ગડદાપાટુનો માર માર્યો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બંને પક્ષની ફરિયાદના આધારે પોલીસે ૮ લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે અત્યાર સુધીમાં ૩ આરોપીઓની અટકાયત કરી લીધી છે. જ્યારે બાકીના ૫ પૈકી ૨ આરોપીઓ સારવાર હેઠળ હોવાથી તેમની અટકાયત થઈ શકી નથી. અન્ય આરોપીઓને ઝડપી લેવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છ. એબીવીપીના ગુજરાત પ્રદેશ મહામંત્રી દેવાંશ બ્રહ્મભટ્ટની આગેવાનીમાં અન્ય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન ખાતે પહોંચી ગયા હતા અને તેમના કાર્યકરો પર હુમલો કરનાર આરોપીઓ સામે કડકમાં કડક કાર્યવાહીની માંગ કરી હતી. ઉપરાંત પોલીસ સ્ટેશનનો પણ ઘેરાવો કર્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

૧૦૩.૭૦ ગ્રામ હેરોઇન અને ૫૩૯ ગ્રામ પોષડોડા સાથે પંજાબનો શખ્સની ધરપકડ

રણોલીના ભાડાના મકાનમાં SOGએ રેડ કરી રૂ.૨૦.૭૪ લાખનું હેરોઈન ઝડપ્યું

હેરોઇન સપ્લાય કરનાર સહિત બે વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

શહેરમાં તહેવારો પહેલાં નશીલા પદાર્થોના નેટવર્ક સામે SOGએ સપાટો બોલાવવાનુ શરૂ કર્યુ છે. રણોલી ગામના ચીકુવાડી વિસ્તારમાં ભાડાના મકાનમાં દરોડો પાડી SOGએ રૂપિયા 20.74 લાખનો 103.70 ગ્રામ હેરોઈન અને 539 ગ્રામ પોષડોડાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે પંજાબના એક શખ્સની ધરપકડ કરી હિરોઈન સહિત રૂ.20.91 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે હેરોઈન સપ્લાયર સહિત બે શખ્સને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે. વડોદરા શહેરમાં તહેવારોને ધ્યાનમાં રાખીને એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, રણોલીના ચીકુવાડી લીમડી ફળિયાની પાછળ આવેલા ભાડાના મકાનમાં રહેતો સતનામસિંઘ નિરંજનસિંઘ જાટ હેરોઈનનું છૂટક વેચાણ કરે છે. બાતમીના આધારે SOGની ટીમે દરોડો પાડતાં સતનામસિંઘ મળી આવ્યો હતો. મકાનની તપાસ દરમિયાન રૂ.20.74 લાખની કિંમતનું 103.70 ગ્રામ હેરોઈન, રૂ.8,085નો 539 ગ્રામ પોષડોડાનો ભૂકો, રૂ.4,150 રોકડ અને મોબાઈલ ફોન સહિત રૂ.20.91 લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસની પૂછપરછમાં સતનામસિંઘે છેલ્લા એક મહિનાથી રણોલીની અક્ષર રેસિડેન્સીમાં રહેતા પરગટસિંઘ અજાયબસિંઘ ભરત પાસેથી હેરોઈન ખરીદતો અને ગ્રાહકોને છૂટકમાં વેચતો હોવાની કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું છે. ટ્રક ડ્રાઈવરો સહિત ગ્રાહકોને હેરોઈનની પડીકીઓ વેચાતી હોવાની પણ વિગતો સામે આવી છે. આ ઉપરાંત ત્રણ-ચાર દિવસ પહેલાં ગોલ્ડન ચોકડી પાસેથી એક અજાણ્યા ટ્રક ડ્રાઈવર પાસેથી પોષડોડાનો ભૂકો ખરીદ્યો હોવાનું પણ પૂછપરછમાં બહાર આવ્યું છે. સમગ્ર મામલે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે સતનામસિંઘની ધરપકડ કરી હેરોઈન સપ્લાયર પરગટસિંઘ તથા પોષડોડા વેચનાર અજાણ્યા ટ્રક ડ્રાઈવરને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

મુજમહુડામાં નશામાં ધૂત નબીરાનો આતંક

બેફામ કાર હંકારી અનેક વાહનોને અડફેટે લીધા



(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા શહેરમાં દારૂ પીને વાહન હંકારવાના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. ત્યારે, મુજમહુડા વિસ્તારમાં દારૂના નશામાં ધૂત એક નબીરાએ બેફામ કાર હંકારીને અકસ્માત સર્જતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. એક યુવક દારૂના નશામાં કાર લઈને પૂરપાટ ઝડપે નીકળ્યો હતો. નશામાં હોવાને કારણે તે સ્ટીયરીંગ પર કાબૂ રાખી શક્યો ન હતો અને રસ્તામાં આવતા અનેક ટુ-વ્હીલર ચાલકો અને રાહદારીઓને અડફેટે લેવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે સમયસર લોકો આઘા-પાછા થઈ જતા કોઈ મોટી જાનહાનિ થતા રહી ગઈ હતી, પરંતુ કેટલાક વાહનોને નુકસાન થયું હતું. અકસ્માત સર્જીને ભાગવાનો પ્રયાસ કરી રહેલા નબીરાને આસપાસના લોકો અને વાહનચાલકોએ દોડીને પકડી પાડ્યો હતો. નબીરાની આ હરકતથી રોષે ભરાયેલા ટોળાએ તેને સ્થળ પર જ બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. ત્યારબાદ સ્થાનિકોએ 112 પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી અને તેને પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી હતી.

ઓનલાઈન પ્રોબ્લેમ બેઝ્ડ લર્નિંગ પોર્ટલ બંધ કરાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા નવી એજ્યુકેશન પોલિસી હેઠળ શરૂ કરાયેલું ઓનલાઈન પ્રોબ્લેમ બેઝ્ડ લર્નિંગ પોર્ટલ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. ટેકનિકલ ખામી અને વિદ્યાર્થીઓની ફરિયાદ બાદ જૂની અસાઈનમેન્ટ પદ્ધતિ ફરી શરૂ કરાશે. જીટીયુ સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને થિયરી સાથે પ્રેક્ટિકલ નોલેજ મળે તે હેતુથી યુનિવર્સિટીએ આ પોર્ટલ તૈયાર કર્યું હતું. જેમાં દરેક ફેકલ્ટીએ સેમેસ્ટરના અંતે ત્રણ પ્રોબ્લેમ્સ મૂકવાના રહેતા હતા. વિદ્યાર્થીઓ ઓનલાઈન સોલ્યુશન મૂકે અને તેનું મૂલ્યાંકન કરી સીધા માર્ક્સ આપવાની જોગવાઈ હતી. જોકે, છેલ્લા કેટલાક સમયથી આ પોર્ટલમાં અનેક ટેકનિકલ ખામીઓ સામે આવી હતી. ફેકલ્ટી દ્વારા મૂકવામાં આવેલા પ્રોબ્લેમ્સ વિદ્યાર્થીઓને દેખાતા ન હતા, તો કોઈ વિદ્યાર્થી સોલ્યુશન મૂકે તો ફેકલ્ટીને દેખાતું ન હોવાની ફરિયાદો ઉઠી હતી.

MSUના પદવીદાન સમારોહ પહેલા વિવાદ

કોન્વોકેશનનું ફી પોર્ટલ ફરી શરૂ કરવાની માગણી સાથે NSUIનું વિરોધ પ્રદર્શન

હેડ ઓફિસ ખાતે હોબાળો મચાવ્યો,રજાના દિવસે અધિકારી ન મળતા ગેટ પર આવેદનપત્ર ચોંટાડ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

એમ.એસ.યુનિવર્સિટીના 75મા પદવીદાન સમારોહને લઈને વિવાદ સર્જાયો છે. આગામી તા. 23મીના રોજ પદવીદાન સમારોહ યોજાનાર છે. ત્યારે, ફી ભરવાનું પોર્ટલ ફરી શરૂ કરવાની માંગ સાથે એનએસયુઆઈ દ્વારા હેડ ઓફિસ ખાતે ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો. એમએસયુના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના કાર્યકરો બીજા શનિવારે જાહેર રજાના દિવસે વાઈસ ચાન્સેલરને રજૂઆત કરવા હેડ ઓફિસ ખાતે પહોંચ્યા હતા. જોકે રજાના કારણે કોઈ સત્તાધીશ કે અધિકારી હાજર ન મળતા કાર્યકરોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. એનએસયુઆઈના ઉપપ્રમુખ તેજસ રોય સહિતના કાર્યકરોએ હેડ ઓફિસના ગેટ પર જ આવેદનપત્ર ચોંટાડીને સંતોષ માનવો પડ્યો હતો. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, પદવીદાન સમારોહ માટે રૂ. 580 ફી ભરીને રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ 7 સપ્ટેમ્બર હતી. તારીખ વીતી જતા અનેક વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશનથી વંચિત રહી ગયા છે. જેથી વિદ્યાર્થીઓના હિતમાં તાત્કાલિક ફી પોર્ટલ ફરી શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

બીજી તરફ રજાના દિવસે હેડ ઓફિસ ખાતે હોબાળો થયાની જાણ થતા જ સયાજીગંજ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

ચોરીનો માલ ખરીદનાર પણ પકડાયો

એસીના કોપર પાઈપ ચોરી ગેંગનો પર્દાફાશ, ત્રણ ચોરને દબોચ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

સારાભાઈ કેમ્પસમાં આવેલી ઓફિસોના એ.સી.ના આઉટડોર યુનિટ સાથે જોડાયેલા કોપરના પાઈપ રાત્રિના સમયે ચોરી જવાના બનાવથી ગોરવા પોલીસ દોડતી થઈ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ચોરી કરનારા બે શખ્સને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં ચોરીનો માલ છાણી બ્રિજ નીચેના ભંગારના વેપારીને વેચ્યો હોવાનું બહાર આવતા પોલીસે માલ ખરીદનાર સહિત ત્રણ આરોપીઓને ઝડપી લઈ ચોરીનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મિલકત સંબંધી અનડીટેક્ટ ગુનાની તપાસ દરમિયાન પોલીસ ટીમે ઘટનાસ્થળ તથા આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. ફૂટેજમાં બે શખ્સો મોપેડ પર આવી ચોરી કરતા હોવાનું જણાયું હતું. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે બંને શખ્સો જય અંબે સોસાયટીના મકાન નં.97 પાસે મોપેડ સાથે ઉભા હોવાની માહિતી મળતા પોલીસે ત્યાં દરોડો પાડી અખિલ હરિશભાઈ સુથાર અને રવિરાજ અજીતસિંહ વાઘેલાને ઝડપી લીધા હતા. બંનેની પૂછપરછમાં એ.સી.ના આઉટડોરના કોપરના પાઈપ ચોરી કર્યા બાદ છાણી બ્રિજ નીચે આવેલા બરોડા સ્ક્રેપના સંચાલક મેરાજખાન મુખત્યારખાન પઠાણ ને વેચ્યા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બંને આરોપીઓને સાથે રાખી ભંગારની દુકાને તપાસ કરતા ચોરીનો કોપરનો માલ મળી આવ્યો હતો. ચોરીનો માલ હોવાની જાણ હોવા છતાં ઓછી કિંમતે માલ ખરીદ્યો હોવાના આક્ષેપસર પોલીસે મેરાજખાનની પણ ધરપકડ કરી હતી.

ધુમાડાના ગોટેગોટા જોઈ સ્થાનિકોમાં ગભરાટ

કારેલીબાગના અમ્રપાલી કોમ્પ્લેક્સ પાસે યસ બેંકની શાખામાં આગથી અફરાતફરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલા અમ્રપાલી કોમ્પ્લેક્સ સામે યસ બેંકની શાખામાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ ભભકી ઉઠતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. બેંકની અંદરથી ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા જોઈને આસપાસના સ્થાનિક રહીશો અને રાહદારીઓએ તાત્કાલિક બ્રિગેડને આ અંગે જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર ફાઈટરોની ટીમ વગર વિલંબે સ્થળ પર દોડી આવી હતી. ઘટના સમયે મોડી રાત્રિનો સમય હોવાથી બેંકમાં કોઈ અધિકારી કે કર્મચારી હાજર ન હતા. પરિણામે, ફાયર વિભાગના અધિકારીઓએ સમય સૂચકતા વાપરીને બેંકનો મુખ્ય કાચનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે આગ બેંકના સર્વર રૂમમાં ફાટી નીકળી હતી. સર્વર રૂમમાં આગ હોવાનું ધ્યાને આવતા જ ફાયર ફાઈટરોએ તાત્કાલિક ધોરણે યોગ્ય સાધનસામગ્રી વડે આગ બુઝાવવાની કામગીરી ઝડપી બનાવી હતી. મોડી રાત્રે બેંકમાં લાગેલી આગના દ્રશ્યો જોઈને આસપાસ લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. ફાયર બ્રિગેડની કલાકોની મહેનત બાદ આખરે આગ પર પૂર્ણ કાબૂ મેળવી લેવાતાં સ્થાનિકો અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી, જે મોટી હોનારત ટળી હોવાનો નિર્દેશ કરે છે. જોકે, સર્વર રૂમમાં આગ લાગી હોવાથી કોમ્પ્યુટર સિસ્ટમ અને અન્ય સાધનોને કેટલું આર્થિક નુકસાન થયું છે તેનો ચોક્કસ આંકડો સવારે બેંકના અધિકારીઓની હાજરીમાં ચકાસણી કર્યા બાદ જ સ્પષ્ટ થશે.

ચાલકને ઈજા, ટ્રાફિકજામ

દુમાડ-મંજુસર રોડ પર ગણપતપુરા પાસે અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા શહેર નજીકના દુમાડ-મંજુસર રોડ પર અકસ્માત સર્જાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગણપતપુરા ગામ નજીક પૂરપાટ ઝડપે આવતી ફોરવ્હીલ કાર અને પેસેન્જર રીક્ષા વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ફોરવ્હીલર ચાલક ઓવરટેક કરવા જતો હતો ત્યારે સામેથી આવતી રીક્ષા સાથે ધડાકાભેર અથડામણ થઈ હતી. જેમાં રીક્ષા ગોથું ખાઈને રોડની વચ્ચે જ પલટી મારી ગઈ હતી. સદનસીબે રીક્ષામાં તે સમયે પેસેન્જર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. અકસ્માતમાં રીક્ષા ચાલકને માથા અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ તાત્કાલિક માનવતા બતાવી ચાલકને બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. કાર ચાલકનો પણ આબાદ બચાવ થયો હતો. પરંતુ કારના આગળના ભાગે ભારે નુકસાન થયું છે. અકસ્માતને પગલે થોડી ક્ષણ માટે વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઘટનાની જાણ થતાં જ મંજુસર પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ટ્રાફિક ક્લિયર કરી બંને વાહનોને સાઈડમાં ખસેડ્યા હતા. પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથધરી હતી.

ફોર્ચ્યુન સાઈટ પર રોહન નાર્વેકરે કયા કારણોસર મોત વ્હાલુ કર્યું તે તપાસનો વિષય

માંજલપુરની નિર્માણાધીન સાઈટના ૧૨મા માળેથી ઝંપલાવી યુવાનનો આપઘાત

(પ્રતિનિધિ) વડોદરા તા.12

માંજલપુર વિસ્તારમાં નવી બની રહેલી ફોર્ચ્યુન સાઈટ પર 12મા માળેથી એક યુવાને ફૂદકો લગાવતા ગંભીર ઈજાઓના પગલે ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજતાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં માંજલપુર પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં તપાસ શરૂ કરી છે. માંજલપુર વિસ્તારમાં આવેલી ફોર્ચ્યુન સાઈટ પર આજે 34 વર્ષીય રોહન નાર્વેકરે 12મા માળેથી નીચે ફૂદકો લગાવ્યો હતો. ઊંચાઈ પરથી પટકાતા રોહનને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઘટનાસ્થળે જ તેનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે સાઈટ પર હાજર લોકોમાં દોડધામ મચી ગઈ હતી. મૃતક રોહન નાર્વેકર વડોદરાના સલાટવાડા વિસ્તારમાં આવેલી વણીકરની પાગામાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તબક્કે તેણે અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, યુવાને આ પગલું શા માટે ભર્યું તેનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. ઘટનાની જાણ થતાં માંજલપુર પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ મોકલી આપ્યો છે. બનાવ અંગે અકસ્માતે મોતની નોંધ સહિતની કાર્યવાહી કરી પોલીસે યુવાનના આ પગલા પાછળનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

વીડિયો વાયરલ થતા યુનિવર્સિટી એક્શનમાં

MSUની આર્ટ્સ ફેકલ્ટીમાં અશ્લીલ હરકત કરનાર કપલે માફી માગી

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટી ફરી એકવાર વિવાદમાં આવી છે. ફેકલ્ટીના ક્લાસરૂમમાં જ એક વિદ્યાર્થી અને વિદ્યાર્થીની દ્વારા કરાયેલી અશ્લીલ હરકતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા શિક્ષણ આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે. આર્ટ્સ ફેકલ્ટીના એક વર્ગખંડમાં પાછળની બેન્ચ પર બેઠેલા એક કપલે અન્ય વિદ્યાર્થીઓની હાજરીમાં જ અશોભનીય અને અશ્લીલ હરકત શરૂ કરી હતી. આ સમગ્ર ઘટના અન્ય એક વિદ્યાર્થીએ પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી અને ત્યારબાદ આ વીડિયો ગ્રુપમાં શેર કરતા જોતજોતામાં વાયરલ થઈ ગયો હતો. વીડિયો વાયરલ થતાની સાથે જ યુનિવર્સિટીનું સતર્કતા તંત્ર અને ફેકલ્ટીના ડીન હરકતમાં આવ્યા હતા. બંને વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને ફેકલ્ટીમાં બોલાવવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બંનેને ગંભીર રીતે ઠપકો આપવામાં આવ્યો હતો અને આવું વર્તન યુનિવર્સિટીની ગરિમાને લાંછન લગાડે છે તેમ જણાવ્યું હતું. ભૂલનો અહેસાસ થતાં બંને વિદ્યાર્થીઓએ હાથ જોડીને લેખિતમાં માફી માંગી હતી અને ભવિષ્યમાં આવું નહીં કરે તેવી બાંહેધરી આપી હતી. આ મામલે યુનિવર્સિટી દ્વારા રચાયેલી તપાસ કમિટી સમક્ષ વિદ્યાર્થીનીનું અલગથી નિવેદન નોંધવામાં આવ્યું છે. આ ઉપરાંત કેમ્પસમાં શિસ્ત જળવાઈ રહે તે માટે અને આવા બનાવોને અટકાવવા માટે નવી સ્ક્વોડ કમિટીની રચના પણ કરવામાં આવી છે, જે અલગ અલગ ફેકલ્ટીમાં સતત પેટ્રોલિંગ કરશે.

તરસાલીમાં શાક માર્કેટ પાસેથી આધેડનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરાના તરસાલી વિસ્તારમાં શાક માર્કેટ પાસે એક આધેડનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી હતી. ઘટનાની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પ્રાથમિક તપાસમાં આધેડ લાંબા સમયથી એકલવાયું અને ભટકતું જીવન જીવતા હોવાનું સામે આવ્યું છે.

શાક માર્કેટ પાસે વેપારીઓ સહિતના લોકો જે કાંઈ જમવાનું આપતા હોય તે ખાઈને આદેશ જીવન પસાર કરતા હતા. કયા કારણોસર મોત થયું છે તેના માટે પોલીસે વીશેરા લઈને પણ ચકાસણી માટે મોકલ્યા છે. તરસાલી ચોકી નજીક શાક માર્કેટ સામેથી ગઈકાલે 52 વર્ષીય પરેશ શાહનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા, વડોદરા મહાનગર પાલિકાનું તંત્ર ઊંઘમાં

ડેરી ડેન સર્કલ પર લારી પર બિલાડી દ્વારા ખોરાક ખાવાનો વિડીયો વાયરલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

ખાણી-પીણીની શોખીન ગલીઓ હોય કે યુવાનોની હોટ ફેવરિટ સયાજીગંજ ડેરી ડેન સર્કલની લારીઓ. વડોદરાનું સ્ટ્રીટ ફૂડ આખી ગુજરાતમાં પ્રખ્યાત છે. પણ જરા થભો ! જો તમે પણ અહીંના સ્વાદના શોખીન હોવ, તો હવે ખાતા પહેલાં બે વાર વિચારજો. તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વિડીયોએ પાલિકાની પોલ ખોલી નાખી છે, જેમાં એક બિલાડી બેરોકટોક ખુલ્લેઆમ ખાવા-પીવાની ચીજવસ્તુઓ આરોગતી નજરે પડે છે. ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતી આ દ્રશ્યો જોઈને સવાલ થાય કે, શું આપણું વડોદરા હવે 'સ્વચ્છ અને સ્વાદિષ્ટ' શહેરથી બદલાઈને 'એનિમલ કેફે' બની ગયું છે ? આ ઘટના વડોદરા મહાનગર પાલિકાની 'શાનદાર' કામગીરી પર સવાલો ઊભા કરે છે. પાલિકાનું ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટ કદાચ અત્યારે ઊંઘી રહ્યું છે, કેમ કે તેમને માત્ર તહેવારોમાં જ દરોડા પાડવા યાદ આવે છે અને બાકીના આખા વર્ષમાં લારી-ગલ્લા પર સ્વચ્છતાના ધજાગરા ઉડે તો પણ આંખ આડા કાન કરવામાં આવે છે. વડોદરાને 'સ્માર્ટ સિટી' બનાવવાની મોટી મોટી વાતો કરતી પાલિકાના શાસકો કદાચ એ ભૂલી ગયા છે કે સ્માર્ટ સિટીમાં હવે બિલાડીઓ પણ વીઆઈપી ગ્રાહક બનીને ખુલ્લામાં પડેલું ખાવાનું માણી રહી છે. સામાન્ય જનતા પાસેથી પ્રોપર્ટી ટેક્સ અને વેરા વસૂલવામાં સૌથી આગળ રહેતી વડોદરા મહાનગર પાલિકા શું લારી-ગલ્લા પર હાઈજિન જાળવવામાં કાયમ માટે નાપાસ જ રહેશે ? જ્યાં સુધી પાલિકાના સત્તાધીશો એસી રૂમમાંથી બહાર નીકળીને ગ્રાઉન્ડ રિયાલિટી નહીં તપાસે, ત્યાં સુધી વડોદરાના નાગરિકો 'સ્વાદ' ના બદલે 'બીમારી' ખરીદવા મજબૂર બનતા રહેશે. હવે મોટો સવાલ એ છે કે શું પાલિકા કોઈ મોટી દુર્ઘટના કે રોગચાળાની રાહ જોઈને બેઠી છે ?

સદનસીબે જાનહાનિ ટળી

સાવલીના ચારણપુરામાં મકાનમાં આગ ભભૂકી : તંત્રમાં દોડધામ

(પ્રતિનિધિ) સાવલી,તા.12

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ચારણપુરા ગામે એક મકાનમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. મકાનમાં ઉપરના માળે ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. મંજુસર જીઆઈડીસી ફાયરની ટીમે સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે જાનહાનિ થતા ટળી હતી. મકાનના ઉપરના ભાગમાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ઘરમાં રહેલી ઘરવખરી સહિતનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી અને ઘટનાસ્થળે ટોળા ઉમટી પડ્યા હતા. બનાવની જાણ થતા જ મંજુસર જીઆઈડીસી ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. તકેદારીના ભાગરૂપે વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરાતા થોડીવાર અંધારપટ છવાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી. પ્રાથમિક તપાસ બાદ નુકસાનનો અંદાજ કાઢવામાં આવશે.